જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૦૧/૨૦૧૬ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૫/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી ૨૮ વ્યક્તિઓને ઝડપી ૧૧૫ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૬ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૬૬૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૬/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૦૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૯૭/૧૬**

**વાડજ :** કેતનકુમાર નરેન્દ્રભાઇ રામી (રહે, શીવમ એપાર્ટમેન્ટ, નવા વાડજ) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૧/૧૬ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીકથી પોતાની પુત્રી નીશા (ઉ.વ.૧૭) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.જી.રાઠોડ ચલાવે છે.

**સોનાનો દોરો ખેંચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૮/૧૬**

**કૃષ્ણનગરઃ** નિતાબહેન અરવિંદભાઇ પટેલ(ઉ.વ.૫૨)(રહે.રાધે રેસીડન્સી, સેન્ટમેરી સ્કુલની પાછળ, નવા નરોડા) તા.૨૩/૧/૧૬ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે નવા નરોડા, સેન્ટમેરી સ્કૂલ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ નિતાબહેનના ગળામાંથી સોનાનો દોરો કિંમત રૂપિયા ૨૮,૦૦૦/-ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એસ.અસારી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૯૯/૧૬**

**વસ્ત્રાપુર :** હિરલબહેન પ્રદિપકુમાર નાયક (રહે,નિહારીકા બંગ્લોઝ, આઝાદ સોસાયટી પાસે, આંબાવાડી) એ તા.૨૭/૧/૧૬ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૧/૧૬ સવારના ૧૦/૦૦ થી સાંજનાં ૫/૦૦ વાગ્યા દરમ્યાન બોડકદેવ ભાસ્કરરાય પંડ્યા કોમ્યુ.હોલમાં આવેલ રૂમમાંથી કોઇ અજાણી વ્યક્તિ હિરલબહેનનાં પર્સની ચોરી કરી, અલગ-અલગ જગ્યાએથી ક્રેડીટ કાર્ડ દ્વારા કુલ રૂપિયા ૩૯,૦૦૦/- તેમજ કાલુપુર બેન્કના એ.ટી.એમ.માંથી રૂપિયા ૨૦,૦૦૦/- અને કવરમાં મુકેલ રૂપિયા ૧૨,૦૦૦/- તેમજ રૂપિયા ૭૦૭/- નું શોપીંગ કરી કુલ રૂપિયા ૭૧,૭૦૭/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.કે.રાઠોડ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વાહનચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૦૦/૧૬**

**ઓઢવ :** કાનજીભાઇ બાલુભાઇ દેસાઇ (રહે.અમરનગર સોસાયટી, માતૃછાયા સ્કુલની પાસે, રાજેન્દ્ર પાર્ક રોડ, ઓઢવ) એ તા.૨૭/૧/૧૬ સવારના ૭/૦૦ વાગે ઓઢવ ગુંજન સિનેમા પાસે ચામુંડા કિરાણા સ્ટોર્સની સામે પોતાની મહિન્દ્રા બોલેરો પીકઅપ ગાડી નંબર જીજે ૧ ડી ૯૪૧૮ કિંમત રૂપિયા ૫,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ અંગેની ફરીયાદ કાનજીભાઇ દેસાઇએ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એન.સોલંકી ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૦૧/૧૬**

**રિવરફ્રંટ વેસ્ટઃ** ભરતભાઇ લક્ષ્મણભાઇ પરમાર (ઉ.વ.૨૦)(રહે.ચામુંડાનગર, ગલી નંબર-૨, ખોડીયારનગર પાસે, બેહરામપુરા) એ કોઇ અગમ્ય કારણોસર તા.૨૭/૦૧/૧૬ બપોરનાં ૧/૨૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે સાબરમતી રીવરફ્રંટના પશ્ચીમ છેડે નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હસમુખભાઇ મગનભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)